# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩ તા.૧૬-૦૪-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત‘ચુનાવ પાઠશાલા’ નું આયોજન કરવા બાબત.

સંદર્ભઃ- ઈ.એલ.આર.નં.૩,તા.૩/૪/૨૪, ડે.મ્યુનિ.કમિશનર, (ઈલેકશન),અ.મ્યુ.કો.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારત ચુંટણી પંચની તા.૭/૨/૨૦૧૯ની સૂચના મુજબ ચુનાવ પાઠશાલાની મિટીંગનું આયોજન કરવાનું થાય છે. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે ગુજરાત રાજયમાં વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિ અંગેના કાર્યક્રમો હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

આ અંગે, ગત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના મતદાન મથક મુજબના પરિણામોમાં પુરુષો અને મહિલાઓના મતદાનની ટકાવારીમાં ૧૦ ટકા થી વધુ તફાવત હોવા તેવા અને ૫૦ ટકા થી ઓછું મતદાન હોય તેવા મતદાન મથકોની ઓળખ કરવામાં આવેલ છે. આવા મતદાન મથકોમાં જો મહિલા મતદારોનું મતદાન વધે તો રાજયની મતદાનની ટકાવારી વધી શકે તેમ છે. આ સાથે સંદર્ભ પત્ર ધ્યાને લઈ ને ‘ચુનાવ પાઠશાલા’ નું આયોજન કરવા શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

કાર્યક્રમના મિનીટ-ટુ-મિનીટ આયોજન મુજબ મુખ્ય શિક્ષકશ્રીએ શાળાના મતવિસ્તારના બી.એલ.ઓ. તથા તમારા શાળાના શિક્ષકો પૈકી બી.એલ.ઓ. તરીકે ફરજ બજાવતા શિક્ષકોની મદદથી ‘ચુનાવ પાઠશાળા’ નું આયોજન કરવા જણાવવામાં આવે છે. સી.આર.સી.કો.ઓ.શ્રીએ પોતાના કલસ્ટરના કાર્યક્રમમાં સહભાગી થઈ ફોટોગ્રાફ અને એકંદરી કરી ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને આપવાના રહેશે તેમજ મદદનીશ શાસનાધિકારીશ્રીએ પોતાના ઝોનની એકંદરી કરી મુખ્ય ઓફિસે મોકલી આપવાની રહેશે. સમગ્ર માહિતી શ્રુતી ફોન્ટમાં આપવાની રહેશે.

પત્રક-૧ (સી.આર.સી.કો.ઓ.એ ભરવાનું પત્રક)

| ક્રમ | સીઆરસી ઝોન | સ્કૂલ બોર્ડ ઝોન | ભાગ લેનાર મતદારોની સંખ્યા |
|---|---|---|---|
| | | | |

પત્રક-૨ (મદદનીશ શાસનાધિકારીએ ભરવાનું પત્રક)

| ક્રમ | સ્કૂલ બોર્ડ ઝોન | ભાગ લેનાર મતદારોની સંખ્યા |
|---|---|---|
| | | |

તા.૧૬-૦૪-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## ઈલેક્શન વિભાગ

૪૦૨, નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ, ચોથે માળ,
નવરંગપુરા બસ સ્ટેન્ડની બાજુમાં, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન નં: ૨૯૬૦૧૬૨૩, ઈ-મેઈલ: electionofficeramc@ahmedabadcity.gov.in


સેન્ટ્રલ ઓફીસ (રજીસ્ટ્રી બ્રાન્ચ) ખાતાકીય / ડાયરેક્ટ હોમ કમિશ્નર ઈ.નં. 34 તા. 04/04/૨૦૨4

પ્રતિ,
માન.ડે.મ્યુનિસિપલ કમિશનર(સ્કુલ બોર્ડ)શ્રી અને
Nodal Officer for Turnout Implementation Plan

ઈલેક્શન ખાતુ ELR No. 3 તા. 3/4/2024

ડે. મ્યુ. કમિશ્નર( S.B ) ઈન્વર્ડ નંબર: 17 ઈ. તારીખ: 5/4/24 આ. તા.: 5/4/24

વિષય:- લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪
'ચુનાવ પાઠશાલા' નું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- માન. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાતના પત્ર ક્રમાંક: ઈએલસી/૧૦૨૦૧૯/૪૬૪/છ(સ્વીપ) તા.૧૮/૦૩/૨૦૨૪ અનુસંધાને

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય સંદર્ભના પત્ર તથા બિડાણ પત્રની વિગતો વંચાણે લેતા જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચની તા.૦૭/૦૨/૨૦૧૯ની સૂચના મુજબ ચુનાવ પાઠશાલાની મિટીંગનું આયોજન કરવાનું થાય છે. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે ગુજરાત રાજ્યમાં વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિ અંગેના કાર્યક્રમો હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

આ અંગે, ગત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના મતદાન મથક મુજબના પરિણામોમાં પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીમાં ૧૦% થી વધુ તફાવત હોય તેવા અને ૫૦% થી ઓછું મતદાન હોય તેવા મતદાન મથકોની ઓળખ કરવામાં આવેલ છે. આવા મતદાન મથકોમાં જો મહિલા મતદારોનું મતદાન વધે તો રાજ્યની મતદાનની ટકાવારી વધી શકે તેમ છે. આ બાબતે શહેરી વિસ્તાર માટે આપશ્રીની TIP નોડલ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

આથી અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં મતદાન મથકોએ ચુનાવ પાઠશાલાનું આયોજન કરવાનું થાય છે. આ માટે સંદર્ભીત પત્ર બિડાણ સહિત આપશ્રીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરવા મોકલી આપવામાં આવેલ છે.

ડે.મ્યુનિસિપલ કમિશનર
(ઈલેક્શન)

A. O. (School Board) 5/4/24
Dy. Mc (School Board)

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ
કે.એ.ઓ.......આ.શિ.એ.ઓ.......ઝોન
આવક નં. 981 તા. 8-4-24
શાસનાધિકારી

AAO MDM
AAO SW2
AAO Vidy
AAO SOW

ક્રમાંક:ઈએલસી-૧૦૨૦૧૯-૪૬૪-છ(સ્વીપ)

સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તા.૧૮.૦૩.૨૦૨૪

શ્રીમતી પી. ભારતી, આઈએએસ
મુખ્ય નિર્વાચન અધિકારી
અને સચિવ,
ગુજરાત રાજ્ય

Dy. M.C. ( Health
Inward No. 5 / 4.24

સરકારી પત્ર
સેન્ટ્રલ ઓફીસ
(રજીસ્ટ્રી બ્રાન્ચ)
ઈ.નં. 3
તા. 01 / 04 / 2024

પ્રતિ,

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી (સર્વે)

ઈલેકશન ખાતુ
ઈનવર્ડ નંબર ... 3 ...
તા. 3 / 4 / 2024

વિષય: 'ચુનાવ પાઠશાલા' નું આયોજન કરવા બાબત.

આપ સુવિદિત છો કે ભારતના ચૂંટણી પંચની તા.૦૭.૦૨.૨૦૧૯ની સૂચના મુજબ ચૂનાવ પાઠશાલાની મિટિંગનું આયોજન કરવાનું રહે છે. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે ગુજરાત રાજ્યમાં વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિ અંગેના કાર્યક્રમો હાથ ધરવાના રહે છે.

Dy. M. C. ( Election )
M.C.

આ અંગે, ગત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના મતદાન મથક મુજબના પરિણામોનું પૃથક્કરણ કરતાં જણાયેલ છે કે, પુરૂષો અને મહિલાઓના મતદાનની ટકાવારીમાં ૧૦% થી વધુ તફાવત હોય તેવા ૯૫૧૧ અને ૫૦% થી ઓછું મતદાન હોય તેવા ૩૪૮૯ મતદાન મથકોની ઓળખ કરવામાં આવેલ છે. આવા મતદાન મથકોમાં જો મહિલા મતદારોનું મતદાન વધે તો રાજ્યની મતદાનની ટકાવારી વધી શકે તેમ છે. આ બાબતે ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને શહેરી વિસ્તાર માટે નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓની TIP નોડલ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે.

Election officer & DYMC (Election)

જેથી અગાઉ જણાવ્યા મુજબના મતદાન મથકોએ ચુનાવ પાઠશાલાનું આયોજન કરવું જરૂરી છે. આ માટે ગ્રામ્ય કક્ષાના તમામ કર્મીઓ જેવા કે આશા વર્કર, આંગણવાડી કાર્યકર, બી.એલ.ઓ., શાળાના આચાર્ય, તલાટી, ગ્રામ સેવક, ગામના બિનરાજકીય સામાજિક આગેવાન, સ્વ સહાય જૂથના સભ્યો વગેરે દ્વારા શેરી મિટિંગનું આયોજન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું ઈચ્છનીય છે. આ મિટિંગ વખતે દર્શાવવાના Placardની ડિઝાઈન અત્રેથી તૈયાર કરીને આપવામાં આવશે. તથા આ સાથે સામેલ રૂપરેખા મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે. જે ગામમાં/શહેરના મતદાન મથક વિસ્તારમાં ચુનાવ પાઠશાલાની મિટિંગનું આયોજન કરવાનું હોય તેની આગોતરી જાણ દાંડી પિટાવીને કરવાની રહેશે.

ટેલીફોન : (કચેરી) ૦૭૯-૨૩૨૫૦૩૧૮, ૦૭૯-૨૩૨૫૦૩૧૬ ફેક્સ : ૦૭૯-૨૩૨૫૦૩૧૭
E-mail : ceo_gujarat@eci.gov.in, Website : ceo.gujarat.gov.in

સદર કાર્યક્રમની આમંત્રણ પત્રિકાનું છાપકામ અત્રેથી કરી આપના જિલ્લાના જે મતદાન મથક પર ૫૦% કરતાં ઓછું મતદાન થયેલ હોઈ તથા જે મતદાન મથક પર મહિલાનું મતદાન પુરૂષોના મતદાનથી ૧૦% ઓછું હોય તેવા મતદાન મથકોની સંખ્યાનું પત્રક આ સાથે સામેલ રાખેલ છે. જે પરત્વે દરેક મતદાન મથક દિઠ ૧૫૦ આમંત્રણ પત્રિકાની ફાળવણી કરવાનું નક્કી થયલ છે. જે અન્વયે આમંત્રણ પત્રિકાનું છાપકામ થઈ ઝોનવાઈઝ સરકારી પ્રેસમાંથી આમંત્રણ પત્રિકા મેળવી લઈ (નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ઉદ્યોગ ભવનને દરેક જિલ્લાઓને એક જ સ્થળેથી આમંત્રણ પત્રિકા મળી રહે તે રીતે સંબંધિત પ્રેસને કામગીરી ફાળવણી કરવા જણાવેલ છે, જે ફાળવણી અંગેનું પત્રક અત્રે મળ્યેથી આપને મોકલી આપવામાં આવશે. જે મુજબ આમંત્રણ પત્રિકા મેળવી લેવા હવે પછી જણાવવામાં આવશે) ચુનાવ પાઠશાલાનું આયોજન આ સાથે સામેલ રાખેલ રૂપરેખા મુજબ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમના ફોટો/વિડિયોને ચુનાવસેતુ પર સ્વિપ ગેલેરીમાં (ચુનાવસેતુ- સ્વિપ ગેલેરી- લોકસભા ચૂંટણી- ચુનાવ પાઠશાલા) અપલોડ કરવાના રહેશે. મિટિંગ વખતે જિલ્લા/તાલુકા કક્ષાના અધિકારી/સેક્ટર ઓફિસર/BLO સુપરવાઈઝરને હાજર રાખવાના રહેશે.

(પી. ભારતી)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

બિડાણ: (૧) કાર્યક્રમની રૂપરેખા
(૨) આમંત્રણ પત્રિકા
(3) ઉપર જણાવ્યા મુજબના મતદાન મથકોની સંખ્યાનું પત્રક

નકલ રવાના:

- TIP નોડલ જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી તરફ.
  (જાણ તથા અમલીકરણ સારૂ.)

# ચુનાવ પાઠશાલા

## કાર્યક્રમની રૂપરેખા

| ક્રમ | વિગત | સમય | |
|---|---|---|---|
| ૧ | મતદાન મથકના ગત ચૂંટણીના પુરૂષ-મહિલા મતદાનના આંકડા બાબતે ચર્ચા | ૫ મિનિટ | BLO |
| ૨ | મહિલાઓના ઓછા મતદાનના કારણોની ચર્ચા | ૧૦ મિનિટ | ચુનાવ પાઠશાલાના સભ્યો તથા ભાગ લેનાર સર્વે |
| ૩ | સપરિવાર મતદાનનો સંકલ્પ | ૫ મિનિટ | વિસ્તારના મતદારો |
| ૪ | ફોટો સેશન | ૫ મિનિટ | વિસ્તારના મતદારો |

भारत निर्वाचन आयोग
ELECTION COMMISSION OF INDIA

## સહૃદય આમંત્રણ

વ્હાલી મતદાર બહેનો,

આગામી થોડા સમયમાં આપણાં દેશમાં લોકશાહીનો સૌથી મોટો તહેવાર એટલે કે લોકસભા ચૂંટણીનો અવસર આવી રહ્યો છે. મતદાનના દિવસે અવશ્ય મતદાન કરીને આપણે સહુ તેની ઉજવણી કરવાના છીએ.

વિવિધ ક્ષેત્રોની જેમ, મતદાનમાં પણ આપણે પુરુષોની સાથે કદમતાલ મિલાવીએ.

હું આપને અનુરોધ કરું છું કે આપ, આપની દૈનિક કામગીરીની વ્યસ્તતા માંથી થોડો સમય કાઢી જરૂરથી **સહકુટુંબ મતદાન કરશો** અને અન્યોને પણ મતદાન કરવા પ્રેરિત કરશો.

**" આ વખતે તૈયારી અમારી,**

**કરીશું મતદાનમાં મોટી ભાગીદારી,**

**અમે ગરવી ગુજરાતની નારી."**

**આભાર !**

चुनाव का पर्व
DESH KA GARV
LOK SABHA ELECTION 2024

આપની શુભેચ્છક,

અવસર

( પી. ભારતી, IAS )

**મુખ્ય નિર્વાચન અધિકારી**

**ગુજરાત**

મતદાર ફોટો ઓળખપત્ર (EPIC)

આધાર કાર્ડ

મનરેગા જોબકાર્ડ

બેંક અથવા પોસ્ટ ઓફીસ દ્વારા આપવામાં આવેલ ફોટો સહિતની પાસબુક

શ્રમ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ હેલ્થ ઇન્સ્યુરન્સ સ્માર્ટ કાર્ડ

પાન કાર્ડ

ડ્રાઇવિંગ લાઇસન્સ

NPR હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ

**અહીં દર્શાવેલ કોઇ પણ પુરાવા રજુ કરી મતદાન કરી શકાય છે.**

ભારતીય પાસપોર્ટ

સંસદસભ્યશ્રી/ ધારાસભ્યશ્રી/ વિધાન પરિષદનાં સભ્યશ્રીને આપવામાં આવેલ અધિકૃત ઓળખકાર્ડ

Unique Disability ID (UDID) CARD, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર

ફોટો સાથેનો પેન્શન દસ્તાવેજ

કેન્દ્ર સરકાર/ રાજ્ય સરકાર/ જાહેર સાહસો/ પબ્લિક લિમિટેડ કંપનીઓનાં કર્મચારીઓને આપવામાં આવેલ ફોટો ધરાવતું ઓળખકાર્ડ

અવસર

## દસ મિનિટ દેશ માટે, ચૂંટણીમાં મતદાન માટે

# મતદાન મથકે મોબાઇલ પ્રતિબંધિત છે.

# c-VIGIL

DOWNLOAD NOW

આદર્શ આચારસંહિતા ભંગની ફરીયાદ માટે




ફોટો વિડિયો વિગત અપલોડ કરો.

#DusMinuteDeshMate

**મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત**

Vidhan Sabha Election-2022

| District | Sum of No of PS (A) | Sum of Less 50% (B) | Sum of Male-Female Diff.>10% (C) | Total PS (D) | Total Invitation card Allotment (D*150) |
|---|---|---|---|---|---|
| Devbhumi Dwarka | 634 | 36 | 349 | 385 | 56980 |
| Jamnagar | 1241 | 123 | 533 | 656 | 97030 |
| Botad | 590 | 160 | 143 | 303 | 44800 |
| Rajkot | 2225 | 128 | 939 | 1067 | 157900 |
| Porbandar | 483 | 51 | 177 | 228 | 33700 |
| Amreli | 1371 | 257 | 382 | 639 | 94570 |
| Junagadh | 1334 | 126 | 479 | 605 | 89540 |
| Surendranagar | 1517 | 138 | 468 | 606 | 89680 |
| Morbi | 889 | 22 | 315 | 337 | 49800 |
| Bhavnagar | 1844 | 203 | 445 | 648 | 95900 |
| Kachchh | 1844 | 300 | 331 | 631 | 93380 |
| Kheda | 1696 | 37 | 505 | 542 | 80200 |
| Ahmedabad | 5432 | 487 | 1050 | 1537 | 227000 |
| Gandhinagar | 1317 | 41 | 326 | 367 | 54300 |
| Banaskantha | 2558 | 57 | 583 | 640 | 94720 |
| Dahod | 1670 | 316 | 94 | 410 | 60600 |
| Mahisagar | 963 | 75 | 161 | 236 | 34900 |
| Mahesana | 1802 | 55 | 370 | 425 | 62900 |
| Gir Somnath | 1040 | 54 | 172 | 226 | 33400 |
| Sabarkantha | 1279 | 8 | 263 | 271 | 40000 |
| Surat | 4476 | 539 | 387 | 926 | 136000 |
| Anand | 1773 | 33 | 309 | 342 | 50500 |
| Patan | 1220 | 36 | 174 | 210 | 31000 |
| Arvalli | 1047 | 10 | 158 | 168 | 24800 |
| Panchmahal | 1478 | 42 | 160 | 202 | 29800 |
| Vadodara | 2551 | 72 | 274 | 346 | 51000 |
| Dangs | 329 | 37 | 6 | 43 | 6300 |
| Bharuch | 1341 | 55 | 119 | 174 | 25500 |
| Valsad | 1356 | 63 | 75 | 138 | 20000 |
| Chhotaudepur | 1050 | 33 | 65 | 98 | 14500 |
| Narmada | 616 | 10 | 30 | 40 | 5900 |
| Tapi | 595 | 3 | 35 | 38 | 5600 |
| Navsari | 1116 | 16 | 37 | 53 | 7800 |
| Grand Total | **50677** | **3623** | **9914** | **13537** | **2000000** |